# ઘરેલુ માનવહત્યા સમીક્ષા માહિતી
# પત્રિકા મિત્રો માટે

Home Office

## ઘરેલુ માનવહત્યા સમીક્ષાઓ શું છે?

ઘરેલુ હોમિસાઇડ (માનવહત્યા) સમીક્ષાઓ ઘરેલુ હિંસાના પ્રતિસાદોને સુધારવા માટે એક રસ્તો છે અને તેનો હેતુ તમારા મિત્રને થયું તે અન્ય લોકોને થતા અટકાવવાનો છે. તેઓ તેની ખાતરી કરવા માટે કે સામાજિક સેવાઓ, કાઉન્સિલ, પોલીસ અને અન્ય સમુદાય આધારિત સંગઠનો જેવી જાહેર સંસ્થાઓ સમજે કે શું થયું છે કે જે તમારા મિત્રના મૃત્યુ તરફ દોરી ગયું અને જ્યાં પરિસ્થિતિ માટેના પ્રતિભાવો સુધારી શકાય તેને ઓળખવાનો પ્રયત્ન કરશે. આમાંથી, જાહેર સંસ્થાઓને આશા છે કે તેઓ કેવી રીતે સાથે મળીને કામ કરે છે તેની પર અસર પાડે છે તે સહીત બધા યોગ્ય પાઠ શીખવા મળશે. આ સમીક્ષાઓ દોષ નથી મૂકવા માંગતા પરંતુ તેની પર વિચારણા કરે છે કે શું થયું અને તે શું જુદી રીતે છે કરવામાં આવી શકે છે. તેઓ ભવિષ્યમાં ઘરેલુ હિંસા પરિસ્થિતિઓના પ્રતિસાદોને સુધારવા માટે પગલાઓ પર પણ ભલામણ કરશે.

ઘરેલુ હોમિસાઇડ સમીક્ષાઓ ડોમેસ્ટિક વાયોલેન્સ, ક્રાઇમ એન્ડ વિક્ટિમ્સ એક્ટ 2004 નો એક હિસ્સો છે અને 13 મી એપ્રિલ 2011 ના કાયદો બની ગયો છે. તેઓ અપમૃત્યુ તપાસ અથવા બીજા કોઇ પણ સ્વરૂપે પૂછપરછની બદલે નહિં પરંતુ તેની ઉપરાંત હશે.

## સમીક્ષા કોણ હાથ ધરશે?

એક સમીક્ષા ટીમની રચના સ્થાનિક વૈધાનિક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સભ્યોથી કરવામાં આવશે પરંતુ તેમાં કોઇપણ અધિકારીઓ કે જેઓ સીધે સીધા આ કેસ સાથે સંકળાયેલા છે તેમનો સમાવેશ નહિ થાય. આ સમીક્ષા ટીમ જોશે કે કેવી રીતે તમામ સમુદાયના ઘરેલું હિંસા પરના પ્રતિભાવને સુધારી શકાય છે કે જેથી ભોગ બનેલા લોકોને માટે વધુ સારો આધાર આપવામાં મદદ મળશે.

## આ સમીક્ષામાં તમારી સામેલગીરી

અમને લાગે છે કે મિત્રો, કુટુંબીજનો અને અન્ય લોકો ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ અને કુકર્મી ને જાણતા હોય તેઓ અધિકારીઓને શું થયું તે સમજવામાં મદદ કરવા માટે શ્રેષ્ઠ લોકો છે. ભોગ બનેલાઓ ઘણીવાર તેમના મિત્રોને તેમની પાસે મદદ માગતા તેમને જે દુર્વ્યવહાર સહન કરવો પડ્યો છે તે વિષે કહે છે અને અને કેટલીક વખત તેમના અનુભવો વિષે જણાવે છે. તે અનુસરે છે કે મિત્રો જાહેર સંસ્થાઓને આ કરૂણાંતિકા માંથી શું પાઠ લેવા  જોઇએ તે ઓળખવા માટે મદદ કરી શકે છે, તેથી તમારા અવાજો સાંભળી શકાય તે કરવાનું જરૂરી છે.

## સમીક્ષામાં ભાગ લેવો

જો તમે સમીક્ષામાં ભાગ લેવાનો નિર્ણય કરો, તો તમારી સમજને શેર કરવા માટે તમને સમીક્ષા ટીમ દ્વારા પૂછવામાં આવશે કે શું બન્યું હતું અને શા માટે. તેમાં આ દુર્ઘટના કોઇ પણ પાસા પર તમારા વિચારો, યાદો અને મંતવ્યોનો સમાવેશ થઈ શકે છે. આ સમીક્ષા ટીમ તેની ખાતરી કરવા માટે પ્રયાસ કરી રહ્યાં છે કે તમારા મિત્રના મૃત્યુની આસપાસના સંજોગો જ્યાં સુધી શક્ય ત્યાં સુધી સમજવામાં આવે અને તેમાંથી જે શીખવા મળે તે ભવિષ્યમાં વધુ મૃત્યુ અટકાવવા માટે ઉપયોગ થાય. આના ભાગ તરીકે, તમારા મિત્રએ જાહેર સંસ્થાઓ, સમુદાય સંગઠનો અને અન્ય લોકો પાસેથી મદદ લેવાના પ્રયત્નો વીશે તમને કદાચ ખબર હશે કારણ કે ઘણી વખત આ તમામ સંપર્કો ને સમીક્ષા ટીમ નથી ઓળખતા. તમે અન્ય વ્યક્તિઓની ભલામણ કરી શકો છો કે જે તમને લાગે છે કે તેમના મંતવ્યોને આપવા માટે તેઓને આમંત્રિત કરવા જોઇએ.

તમે તમારા વિચારો અને મંતવ્યો નીચેની તમામ અથવા કેટલીક અલગ અલગ રીતે આપી શકો છો:

- લેખિતમાં અથવા રેકોર્ડિંગ દ્વારા
- એક ટેલિફોન વાતચીત દ્વારા
- કેટલાક સમીક્ષકો સાથે સામ-સામે મીટિંગ. આ મીટિંગ એક કોર્ટમાં નહી કરવામાં આવે અને તમને સોગંદ હેઠળ તમારા વિચારો શેર કરવાનું પૂછવામાં નહિ આવે. સમીક્ષક ચર્ચામાં મદદ થાય તે માટે પ્રશ્નો પૂછશે અને સમગ્ર પ્રક્રિયા થોડા કલાકો કરતાં લાંબા સમય નહિ લે અથવા તો જ્યાં સુધી તમે ભાગ લેવા માટે સક્ષમ હોવ ત્યાં સુધી ટકી શકે છે.

## તમે માહિતી શેર કરશો તેનું શું થશે?

તમે જે જાણકારી શેર કરશો તે સમીક્ષા ટીમને એક વ્યાપક ચિત્રનું નિર્માણ કરવાના સહાય કરશે કે હોમિસાઇડ પહેલાં શું થયું અને તે છેવટે ટીમને ફેરફાર માટે તેમની ભલામણો ઘડવામાં મદદ કરશે આ ભલામણો પછી એક ક્રિયા યોજનામાં મૂકવામાં આવશે. તમારી આપેલી માહિતી ગુપ્ત રહેશે અને સમીક્ષાના અહેવાલમાં તમારું નામ આપવામાં નહિ આવે.

તમારા ફાળો મૂલ્યવાન થશે અને જે રીતે જાહેર સંસ્થાઓ સહિત સમુદાય, ઘરેલુ હિંસાનો ભોગ બનેલાને પ્રતિસાદ આપે છે તેને બદલવામાં મદદ કરી શકે છે.

## આ સમીક્ષા પ્રક્રિયા કેટલો સમય લેશે?

એક ઘરેલુ હોમિસાઇડ સમીક્ષા માટે કોઈ નિશ્ચિત સમય ફ્રેમ નથી પરંતુ તેવી ધારણા છે કે તે મૃત્યુના લગભગ એક મહિના પછી શરૂ થશે. આ સમીક્ષા લગભગ છ મહિનાની અંદર પૂર્ણ થયેલી હોવી જોઈએ પરંતુ તેથી વધુ લાંબો સમય પણ લઇ શકે છે જે અન્ય પૂછપરછના પરિણામો પર આધાર રાખે છે, ઉદાહરણ તરીકે, કુકર્મી સામે કોઈપણ ફોજદારી કાર્યવાહી ચાલી રહી હોય.

## સમીક્ષા શું પેદા કરશે?

- એક વિગતવાર અહેવાલ અને તે અહેવાલનો સારાંશ જે જાહેર વેબસાઇટ પર ઉપલબ્ધ થશે
- એક ક્રિયા યોજના એ ખાતરી કરવા માટે કે અહેવાલમાં કરવામાં આવેલ કોઈપણ ભલામણો યોગ્ય રીતે આગળ લેવામાં આવે છે

## આગળનાં પગલાંઓ

આ સમીક્ષામાં ભાગ લેવાનો નિર્ણય સંપૂર્ણપણે તમારો છે અને જો તમે ભાગ લેવા ઈચ્છો નહિં તો તમારા નિર્ણયને આદર આપવામાં આવશે. જ્યારે સમીક્ષા પૂર્ણ થાય ત્યારે તમને તે જણાવવા અમારે ફરીથી તમને સંપર્ક કરવાની જરૂર પડી શકે છે.

જો તમે ભાગ લેવા માંગો છો અથવા સમીક્ષા પ્રક્રિયા વિશે કોઈ વધુ પ્રશ્ન હોય, તો કૃપા કરીને જે વ્યક્તિએ આ પત્રિકા સાથે જોડાયેલ પત્ર પર હસ્તાક્ષર કર્યા છે તેમનો સંપર્ક કરો. તેઓ ક્યાં તો તમારા પ્રશ્નો જવાબ આપશે અથવા જે કોઈ તે કરી શકશે તેમની તરફ તમને દિશામાન કરશે.

## વધુ માહિતી અને સહાયતા

નૅશનલ ડોમેસ્ટિક વાયોલેન્સ હેલ્પલાઇન: 0808 2000 247 અથવા **www.nationaldomesticviolencehelpline.org.uk**

મેન્સ એડવાઇસ લાઇન:0808 801 0327 અથવા **www.mensadviceline.org.uk**

GALOP: 0800 999 5428 અથવા **galop.org.uk**

AAFDA (એડ્વોકસી આફ્ટર ફેટલ ડોમેસ્ટિક અબ્યૂસ): 07768 386922 અથવા **www.aafda.org.uk**

નૅશનલ હૉમિસાઇડ સર્વિસ: 0845 3030 900 અથવા **www.victimsupport.org.uk**

**AAFDA (એડ્વોકસી આફ્ટર ફેટલ ડોમેસ્ટિક અબ્યૂસ) અને વિમનસ એઈડ જેમણે હોમ ઓફિસ સાથે આ પત્રિકા વિકસાવી છે તેમના આભાર સાથે.**